बालसेना
Balsena - A Children's Collective



પ્રભુ તેની સાથે સહકાર્ય કરવા આપણને બોલાવે છે જેથી આપણે તેનું ન્યાયનું, ભલાઈનું, પ્રેમનું, સંભાળનું, સહભાગિતાનું, હાસ્યનું, આનંદ અને સંવાદિતાનું રાજય વિસ્તારી શકીએ.

- ડેસમન્ડ ટેટુ

નાના નાના બાળ

ભલે, નાના નાના બાળ અમે આજે રે કાલ(ર).
અમે મોટા થાશું ને જગ દોરશું,

ખડતલ શરીર મન મોટું બનાવશું,
હૈયામાં હિત બધી દુનિયાનું ધારશું,
સાચા માનવ બની જીવતર જીવશું.....અમે.

ઊંચનીચ ભેદો આ દુનિયાના ટાળવા,
નાતો જાતો ને ધર્મ વાડાઓ તોડવા
બધી શકિત અમારી વિશ્વ ચરણે ધરશું...અમે.

જગના અંધારાને દૂર દૂર હાંકવા,
સાચા તે જ્ઞાનનો દીવો પ્રગટાવવા
અમે જાતે સળગી ઘેર ઘેર ઘુમશું...અમે.

પૈસાના જોરે આજે માનવી મપાય છે,
કોઈ કરે કામ કોઈ બેસીને ખાય છે
કરી સર્વોદય સાચો સમાજ રચીશું...અમે.

બાળક નિર્દોષ છે.
વિશુદ્ધ છે.
પ્રેમ    શકિત અને આનંદનું સ્વરૂપ છે.
અસીમ છે. મુક્ત છે.
જીવનનું સ્ત્રોત છે.

એટલે...

પૂ. ગાંધી બાપુના શબ્દોમાં...

આપણે દુનિયામાં, ખરી શાંતિ મેળવવી હોય તો અને યુદ્ધની સામે સાચુ યુદ્ધ કરવું હોય તો બાળકથી શરૂઆત કરવી પડશે. જો બાળકો કુદરતી નિર્દોષતામાં ઉછરશે તો આપણે લડવું નહી પડે. આપણે પ્રેમથી પ્રેમ, શાંતિથી શાંતિ ફેલાવીશું તો જગતના ખૂણે ખૂણે શાંતિ રહેશે.











અમે માનીએ છીએ કે...

દરેક બાળકને ઉગવાની સમાન તક મળે,
સમાન અધિકાર મળે,
ચારિત્ર્ય ઘડતર અને સ્વાવલંબન માટે,
પ્રોત્સાહક વાતાવરણ મળે
જેથી
બાળપણને **'ઓળખ'** મળે,
આદર અને સ્વીકાર થાય.
એકતા અને સમાનતાના મૂલ્યોના પાયા પર
મૈત્રીનું વિશ્વ વિકસે !

**શૈશવ સંસ્થા પ્રેરિત**
बालसेना
એટલે
બાળકો સાથે, બાળકો દ્વારા અને બાળકો વડે
સંચાલિત
બાળકોનું સ્વાયત સંગઠન

## અમારી દ્રષ્ટિ

શાંત, સમૃધ્ધ, ન્યાયપૂર્ણ અને માનવીય
સમાજની રચનાની સંકલ્પના સાથે
સહજીવનના મૂલ્યોનું સંવર્ધન કરતાં
દરેક
પોતાની વ્યકિતગત ક્ષમતાઓ-સામ્થ્ર્યના
ઊચ્ચતર વિકાસ દ્વારા સ્વાવલંબી બને,
સમાજના સાતત્યપૂર્ણ વિકાસમાં
સમજદાર નાગરિક તરીકે યોગદાન
આપે.

### સ્વસ્થ બાળક = સ્વસ્થ માનવ = સ્વસ્થ સમાજ

બાળકોની સહભાગિતાને અગ્રીમતા આપવા,
તેઓના શક્તિ  સામ્થ્ર્યમાં વિશ્વાસ મૂકી
સામૂહિક નેતૃત્વ દ્વારા
પોતાના અધિકાર માટે અભિયાન કરે તે માટે

## શૈશવ

છેક છેવાડાના બાળકોના સર્વાંગી વિકાસ માટે તમામ
બાળકોને જોડી તેઓ અગ્રેસર થાય તે માટે
પ્રતિબધ્ધ છે.



'સદભાવનાથી જ શાંતિ છે, સર્વની અને સર્વત્ર -
ઉતર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમમાં.'
- લેક વાલેસા





બાળકો ખુલ્લામાં વૃક્ષો વચ્ચે રમી શકવાં જોઈએ, તેઓ હવે વધુ વખત ભૂખના દુઃખની યાતના ન પામવા જોઈએ અથવા રોગોથી પાયમાલ ન થવા જોઈએ, અથવા તો અજ્ઞાન, પીડા અને માનભંગના કોરડાથી ભયભીત ન હોવા જોઈએ, તથા તેમની માસૂમ ઉંમર કરતાં વધુ ગંભીર કામોમાં હવે જોતરાવા ન જોઈએ.
- નેલ્સન મન્ડેલા



## સામ્થ્ર્યવાન બાળકો

શૈશવની યાત્રાનો આરંભ...૧૯૯૪માં, શરૂઆતથી જ
બાળકોની સહભાગિતાના મૂલ્યને સ્વીકાર્યું અને
આ મૈત્રીએ બાળકોને સામ્થ્ર્ય તરફ દોર્યા....
અને ૨૦૦૩માં **'બાલસેના'**ની સ્થાપના થઈ.

## બાલસેના એટલે...

પોતાના અધિકારો મેળવવા માટેનું પ્લેટફોર્મ.
સંગઠિત શક્તિનો અનુભવ.
રોજબરોજના પડકારોને ઝીલવા માટેનો વિશ્વાસ.
લાગણીઓ અને જરૂરિયાતોને સંતોષવી.
અન્ય બાળકો પ્રત્યે સમાનુભૂતિ... એકાનુભૂતિ.
વર્ગ, વર્ણ, નાત,જાત, ધર્મ અને લિંગના ભેદભાવથી
પર થઈને સમાનતાના સેતુ પર એકતા, સમાનતા
અને મૈત્રી ના મૂલ્ય સાથે
'હમ સાથ સાથ હૈ' ના ભાવજગતનું નિર્માણ.
સ્થાનિકોમાં બાળ અધિકાર અંગે જાગૃતિ.
અસમાનતા અને અભાવો વચ્ચે જીવન પ્રત્યેની
હકારાત્મક દ્દષ્ટિ.

## બાલસેના એટલે...

સંવેદના, સમાનુભૂતિ, આત્મવિશ્વાસ, નેતૃત્વ, જવાબદારી, નિડર બનીને અભિપ્રાય વ્યક્ત કરવો અને સહજીવનના વિકાસનો સહિયારો પ્રયાસ. બાળકોને સ્પર્શતી તમામ બાબતોમાં બાળકોની સહભાગિતાના મૂલ્યના પ્રસ્થાપન માટે સતત પ્રોત્સાહન.

## આ બાલસેનામાં...

બાલસેનાના બાળકો દ્વારા
અભિવાદન એટલે **'દે તાલ્લી'**

*'' તું ને હું બે દોસ્ત; દોસ્ત, તું દે તાલ્લી !*
*આપણાં 'સઘળાં દોસ્તો; દોસ્ત, તું દે તાલ્લી !*
*જગના બાળક દોસ્ત; દોસ્ત, તું દે તાલ્લી ! ''*

બાળકોની ટીમના નામ બાળકો જાતે નક્કી કરે
એટલે કે...
ખાટ્ટી મીઠ્ઠી, ધીંગામસ્તી, ધમપછાડા, મસ્તકલંદર વિ.
બાળકોએ નક્કી કરેલ નિયમો છે.

બાલસેનામાં ૮ થી ૧૨ અને ૧૩ થી ૧૮ વર્ષ સુધીની
વયજૂથના બાળકો છે.
₹ ૨૫ સભ્ય ફી છે તથા બાલસેનાનો સ્કાઈ છે.
બાલસેનાને પોતાનો ધ્વજ અને પ્રતિક છે.
બાલસેનાનું પોતાનું ગીત છે.











''પાર વિનાની ભૂલો આપણે કર્યા જ કરીએ છીએ, પરંતુ બાળકની ઉપેક્ષા દ્વારા જીવનના સ્ત્રોતની અવગણના કરવાની ભૂલ એ અક્ષમ્ય છે. આપણી જરૂરિયાતો થંભી શકે પણ બાળકની આવશ્યકતાઓમાં ઘડીભરનો પણ વિલંબ ચાલી ન શકે અત્યારે જ તેના હાડમાંસ ઘડાઈ રહયા છે, તેનુ રૂધિર બની રહયું છે અને સંવેદનાઓ વિકસી રહી છે. એને આપણે 'કાલ' પર ઠેલી ન શકીએ બાળકનું બીજુ નામ 'આજ' છે.
- ગાબ્રિએલા મિસ્ત્રાલ




## માળખું

ભાવનગર શહેરના જુદા જુદા વિસ્તારોમાં બાલસેનાના જૂથો છે.

દરેક ટીમના સભ્યો દર વર્ષે માપદંડ અને ગુણાંક આધારિત ચૂંટણી દ્વારા **કેપ્ટન, વાઈસકેપ્ટન** અને **૨ કોરગ્રુપ** સભ્યોને ચૂંટે છે.

દરેક ટીમના ચૂંટાયેલા ચાર સભ્યો ભેગા મળીને કાઉન્સીલની રચના કરે છે અને તેઓ માપદંડ અને ગુણાંક આધારિત ચૂંટણી દ્વારા બાલસેનાના **અધ્યક્ષ, ઉપાધ્યક્ષ** અને **કારોબારી સમિતિ**ની ચુંટણી કરે છે.

તમામ સ્તરે ભાઈ બહેન બન્નેનું સમાન પ્રતિનિધિત્વ હોય છે.



## “સાથે રમીએ    સાથે રહીએ”

**દર અઠવાડિયે વિસ્તારો/શાળાઓમાં પ્રવૃત્તિઓ :**

- જીવન અને નેતૃત્વ ઘડતરની તાલીમ,કાર્યક્રમ/શિબિરો
- બાળમેળા
- જીવન કૌશલ્ય અને સ્વવિકાસ તાલીમ
- બાળ અધિકાર તાલીમ
- શિક્ષણ અને વિકાસલક્ષી અન્ય પ્રવૃત્તિઓ
- પુસ્તકાલય • ફિલ્મ શો • વાર્તાલાપ
- વિશિષ્ટ મહાનુભાવોની મુલાકાત
- પ્રવાસ : અભ્યાસ અને અનુભવ પ્રવાસ
- રમતગમત  મનોરંજન
- સ્વરક્ષણ
- વાર્ષિકોત્સવ
- કિશોર  કિશોરી મેળા સંમેલન અને કાર્યક્રમ
- વિકાસ અને સ્થિતિના વિશ્લેષણ દ્વારા નાગરિક શિક્ષણ અને સમજણનો વિકાસ
- બાળકો દ્વારા સંશોધન
- બાળકો દ્વારા કાર્યક્રમ આયોજન અને વ્યવસ્થાપન
- જિલ્લા, રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિનિધિત્વ અને બાળઅધિકારના નેટવર્કમાં સક્રિય સહભાગિતા
- જૂથ, કારોબારી અને કાઉન્સીલ મીટીંગ













**વિશેષ....**

- બચત પ્રવૃત્તિ.... સ્વતંત્ર વિચાર અને નિર્ણય શક્તિ વિકસે, કરકસર અને જરૂરિયાતોની સમજણ વિકસે, સહજીવનનો ખ્યાલ દ્દઢ થાય તે માટે **બચત કાર્યક્રમ.**

- કિશોરાવસ્થાના શારીરિક, માનસિક અને ભાવનાત્મક ફેરફારો, સમજે  જાણે તે અંગેની વૈજ્ઞાનિક સમજણ કેળવે અને સામર્થ્યવાન બને તે માટે વિશેષ **કિશોરાવસ્થા માર્ગદર્શન કાર્યક્રમ... અને સ્વરક્ષણની આંતરરાષ્ટ્રીય તાલીમ**

આ તમામ પ્રવૃત્તિઓ બાળકોની સક્રિય સહભાગિતા, નેતૃત્વ અને પહેલ મુજબ શૈશવ સંસ્થા દ્વારા આયોજિત કરવામાં આવે છે.

## સફળતાની કેડીએ...

- ગુજરાતનું પહેલું બાળ સંગઠન અને તમામ પ્રકારના બાળકો સાથે હોય તેવું દેશનું કદાચિત્ પહેલું બાળ સંગઠન.

- સમાનતાના મૂલ્યનું આચરણ, પણ સામાજિક પરિસ્થિતિને લઈ કિશોરીઓને માટે વિશેષ કાર્ય અને કિશોરોમાં આ બાબતનો સ્વીકાર.

- લોકશાહીના હાર્દને સમજવા નાગરિક શિક્ષણની નૂતન પહેલ.... તથા બાળકોની અનોખી ચૂંટણી ...

- બાળકોનું તેના કુટુંબમાં તથા વિસ્તારમાં સ્થાન અને સ્વીકાર.

- કિશોરીઓનું તેના કુટુંબમાં તથા વિસ્તાર સ્થાન અને સ્વીકાર.

- બાલસેનાના બાળકો દ્વારા અન્ય સંસ્થાના બાળકોને તાલીમ.

- બાલસેના દ્વારા વિસ્તારોમાં બાળમજૂરી કરતા બાળકો, શાળાએ ન જતા બાળકો શાળામાં જાય તથા બાળકોને














શાળામાં નિયમિત કરવાનું કાર્ય, બાળકોની સુરક્ષા અને શિક્ષણના પ્રશ્નો/વિસ્તારના અન્ય પ્રશ્નો અંગે એડવોકસી- વાલીઓને સમજ આપવાનું કાર્ય, સરકારમાં રજૂઆત અને
**તમામ બાળકો શાળામાં, બાળમજુરી મુકત અભિયાન**

- બાળકોમાં ‘‘સાથે રમીએ–સાથે જમીએ–સાથે કરીએ સારા કામ’’ની ભાવના દ્વારા ભેદભાવની થતી જતી બાદબાકી.

- સમાજમાં બાળકોના પ્રશ્નો–પડકારો અંગેની સમજ અને તેના ઉકેલ માટે સંગઠનાત્મક સક્રિયતા.

- શહેર, રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ બાળકોના પ્રશ્નોની રજૂઆત સંગઠન દ્વારા

- અન્ય રસ્તે વળતી શક્તિઓને જીવનના હકારાત્મક માર્ગે વાળવાનું કાર્ય.

- બાલસેનામાં કિશોરી નેતૃત્વનો વિશેષ વિકાસ ૧૨ વર્ષમાં ૧૦ વાર બાલસેનાના અદયક્ષ તરીકે કિશોરીઓ ચૂંટાઈ આવી !

- બાલસેનાની પૂર્વ અધ્યક્ષ સોનલ બારૈયાએ પૂર્વ **રાષ્ટ્રપતિશ્રી એ.પી.જે. અબ્દુલકલામ** સાથે રાષ્ટ્રપતિ

ભવનમાં બાળ મજૂરીના પ્રશ્ને ચર્ચા કરી હતી.
આ ઉપરાંત વર્લ્ડ સોશ્યલ ફોરમ, બ્રાઝીલમાં
પ્રતિનિધિત્વ વર્ષ ડીસેમ્બર ૨૦૦૪માં કર્યુ હતું.

- બાલસેના દ્વારા ગુજરાત રાજયના બાળકોનું પ્રથમ અધિવેશન ભાવનગરના આંગણે જાન્યુ. ૨૦૦૫માં.

- બાલસેના દ્વારા ભાવનગરનાં બાળકોના પ્રશ્નોની જાહેર સુનાવણી અને સંમેલન જાન્યુ. ૨૦૦૬

- ગર્લ્સ ઈન્ટરનેશનલ ફોરમ યુએસ.એ દ્વારા જુલાઈ ૨૦૦૬માં યોજાયેલ ગર્લ્સ ઈન્ટરનેશનલ સમીટમાં સમગ્ર દેશ વતી બાલસેનાની ૫ કિશોરીઓ નિરાલી, કિષ્ના,તબસ્સુમ,હિના અને શચિ દ્વારા પ્રતિનિધિત્વ

- બાલસેના દ્વારા ગુજરાતની કિશોરીઓનું પ્રથમ અધિવેશન ભાવનગરના આંગણે જાન્યુ. ૨૦૦૭માં.

- બાલસેના દ્વારા દેશભરના બાળ સંગઠનોના પ્રતિનિધિઓનું પ્રથમ રાષ્ટ્રીય અધિવેશન ભાવનગરના આંગણે જાન્યુ. ૨૦૦૮માં.

- રાષ્ટ્રીય સ્તરે બાળ સંગઠનોના ફેડરેશન-નેટવર્કની રચના અને તેમાં બાલસેના સ્થાપક સભ્ય.









જંપ કેમ વળે ? જયાં સુધી બાળકો ઘરમાં માર ખાય, શેરીમાં દુર્ગંધ ખાય અને શાળામાં ગાળ ખાય, ત્યાં સુધી જંપ કેમ વળે ?
ત્યાં સુધી જંપ કેમ વળે, જયાં સુધી સ્થળે સ્થળે બાળકો માટે શાળા નથી, વાંચનાલય નથી, ક્રીડાંગણ નથી, બાગબગીચા નથી.
ત્યાં સુધી જંપ કેમ વળે, જયાં સુધી એક પણ બાળક, સન્માન વીનાનું છે, અસ્પૃશ્ય છે, માંદુ છે, ગંદુ છે, અવ્યવસ્થીત છે.

- ગીજુભાઈ



- બાલસેનામાંથી ૧૮ વર્ષે નિવૃત થનાર બાળકોએ ૨૦૦૮માં તરૂણસેનાની રચના કરી.

- ભાવનગર જિલ્લામાં બાળઅધિકારોના સંદર્ભમાં બાળકોની સ્થિતિ અંગે બાલસેનાના બાળકો દ્વારા અભ્યાસ અને અહેવાલ વર્ષ જાન્યુ. ૨૦૦૯માં.


- ગુજરાતમાં પ્રથમવાર ભાવનગર શહેરમાં બાળકોની સ્થિતી અંગે બાળકો દ્વારા થયેલ એકશન રીસર્ચ : ચાઈલ્ડ રાઈટ ઓડીટ વર્ષ ૨૦૧૦માં.

- વર્ષ ૨૦૧૩-૧૪માં સહભાગિતાના અધિકારના અનુસંધાનમાં સીટી યુનિ. ઓફ ન્યુયોર્કના ચીલ્ડ્રન્સ્ એન્વાયરોમેન્ટ રીસર્ચ ગ્રુપ સાથે રહી બાલસેનાના બાળકો દ્વારા બાળ મૈત્રીપૂર્ણ વિસ્તારો અંગે તાલીમ અને સંશોધન કરનાર દેશનું પ્રથમ બાળ સંગઠન.

- ભાવનગરના કુંભારવાડા વિસ્તારમાં હાઈસ્કૂલ અને પ્રાથમિક શાળા માટે સક્રિય રજૂઆત અને સફળતા

- કુદરતી આપત્તિઓમાં બાલસેનાના બાળકો દ્વારા સેવા કાર્ય.

- ચાઈલ્ડ સેફટી વોક - ભાવનગરના ૨૩ વિસ્તારોમાં બાળકો દ્વારા સલામત અને બિનસલામત વિસ્તારો અંગે જુદા-જુદા મુદ્દાઓને લઈને સર્વે કરવામાં આવ્યો હતો. -૨૦૧૫



## મેરા ભી તો અધિકાર હૈ !

મેરા ભી તો અધિકાર હૈ...
સુરજ કી રોશની પર,
જીવન કી હર ખુશી પર,
મુસ્કાન પે ખુશી પર,
દુનિયા પે જિંદગી પર, મેરા ભી તો અધિકાર હૈ.....

બચ્ચે હિ તો,
બચ્ચે હિ તો મુલ્ક કિ તકદીર હૈ.
આને વાલ દૌર કી તસ્વીર હૈ...
સ્કુલ કે સબ બસ્તો પર,
કોપી કિતાબ બસ્તો પર,
કલાસ રૂમ ટિચર પર,
બ્લેક બોર્ડ કે હર અક્ષર પર, મેરા ભી તો અધિકાર હૈ.....

કિતને માસુમ કિતને ભૌલે હૈ,
ઈનકે જૈસા ના કોઈ દુજા હૈ...
ઈનકે જીવન મે રોશની લાના,
એક ઈબાદત હૈ,
એક પુજા હૈ,
ત્યૌહારો પર મેલો પર,
મૈદાનો પર ખેલો પર,
ચૌકલેટ પર, બિસ્કીટ પર, મેરા ભી તો અધિકાર હૈ.....

એક સુફી જો સબસે કહેતા હૈ...
ચુપકે બચ્ચો મેં ખુદા રહતા હૈ...
ઉતના હિ પ્યાર પાઓગે,
જિતના ભી પ્યાર દોગે...
ઈનકો જિનેકા અધિકાર દો.....

જે બળવાન છે તે બાળક છે.
ઊંચામાં ઊંચું ધ્યેય પણ જેને અસંભવ નથી લાગતું, તે બાળક છે.
- વિનોબા ભાવે

Trust Reg. No. F/3462/Ahd. - Soci. Reg. No. Guj/3592/Ahd. - Donations are exempted Under 80 G (5) of Income Tax Act. 1961 - Reg. Under FCRA Act
Shaishav is accredited by Credibility Alliance, and is a member of GiveIndia and GuideStar India.

**SHAISHAV**
Block No.-3, 2nd Floor, B-wing, Sardar Vallabhbhai Patel Municipal Shopping Centre, Sardarnagar Circle, Bhavnagar 364001
Phone : (0278) 2568561 / 2560127 - Web : www.shaishavchildrights.org -
E-Mail: shaishav93@gmail.com - parul.shaishav@gmail.com
Reg.Office:- A/21, Ajanta Commercial Centre, 2nd Floor, Near Income Tax, Ashram Road, Ahmedabad - 380014

શૈશવ
બાળ અધિકાર સંસ્થા